# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **ભારતીય સેનાના લશ્કરી કામગીરીના મહાનિદેશક - DGMO લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈ આજે બપોરે પાકિસ્તાનના તેમના સમકક્ષ સાથે વાતચીત કરશે.**
2. **DGMOએ કહ્યું, ઓપરેશન સિંદુરનો હેતુ આંતકવાદીઓ અને આયોજકોને સજા આપવાનો અને તેમના આંતકી ઢાંચાને નષ્ટ કરવાનો છે.**
3. **સુરેન્દ્રનગરમાં સરકારી જમીનમાંથી ગેરકાયદે માટીનું ખનન પકડાયું.**
4. **રાજ્યમાં આજે અને આવતીકાલે કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**
5. **રાજ્ય સહિત દેશભરમાં આજે બુદ્ધપૂર્ણિમાની ઉજવણી.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# DGMO BREIFING

ભારતીય સેનાના લશ્કરી કામગીરીના મહાનિદેશક- DGMO લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈ આજે બપોરે 12 વાગ્યે પાકિસ્તાનના તેમના સમકક્ષ સાથે વાતચીત કરશે. બંને દેશ વચ્ચે સંઘર્ષ વિરામ લાંબા સમય સુધી જાળવી રાખવા અંગે ચર્ચા કરવા આ વાતચીત કરાશે.

નવી દિલ્હીમાં ગઈકાલે સાંજે પત્રકાર પરિસદ સંબોધતા શ્રી ઘાઈએ જણાવ્યું, ‘ઑપરેશન સિન્દૂર’ હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના જમ્મુ-કાશ્મીર- POJK-માં નવ આતંકી ઠેકાણા પર હુમલો કરાયો , જેમાં 100થી વધુ આતંકી ઠાર મરાયા. હુમલામાં યુસૂફ અઝહર , અબ્દુલ મલિક રઉફ અને મુદાસિર અહમદ જેવા ખતરનાક આતંકવાદી ઠાર મરાયા છે. આ તમામ આતંકવાદી I.C-814 વિમાન અપહરણ અને પુલવામા વિસ્ફોટમાં સામેલ હતા. શ્રી ઘાઈએ કહ્યું, ‘ઑપરેશન સિન્દૂર’નો હેતુ આતંકવાદીઓ અને આયોજકોને સજા આપવાનો તેમજ તેમના આતંકી ઢાંચાને નષ્ટ કરવાનો છે.

DGMOએ ઉમેર્યું, તેમણે યુદ્ધનો અંત લાવવાનો પ્રસ્તાવ મૂકનારા પાકિસ્તાનના તેમના સમકક્ષ સાથે શનિવારે વાતચીત કરી હતી. ત્યારબાદ બંને તરફથી ગોળીબાર અને હવાઈ ઘૂસણખોરી બંધ થઈ ગઈ હતી. દરમિયાન શ્રી ઘાઈએ નિરાશા વ્યક્ત કરતા કહ્યું કે , સંમતિના થોડા જ કલાક બાદ પાકિસ્તાની સેનાએ ફરીથી ગોળીબાર કર્યો અને ડ્રૉન મોકલ્યા. શ્રી ઘા ઈએ ઉમેર્યું, પાકિસ્તાનના DGMOને હૉટલાઈન સંદેશથી જણાવવામાં આવ્યું કે , સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન થવા પર તેનો કડક જવાબ અપાશે.

દરમિયાન DGMOએ ઑપરેશન સિંદૂરમાં સર્વોચ્ચ બલિદાન આપનાર સશસ્ત્ર દળના પાંચ શહીદો અને નાગરિકોને શ્રદ્ધાંજલિ પણ આપી.

---

# SURENDRANAGAR KHANAN

સુરેન્દ્રનગરમાં સરકારી જમીનમાંથી ગેરકાયદે માટીનું ખનન પકડાયું છે. મળતી માહિતી મુજબ , થાન તાલુકાના અભેપર સહિત આસપાસના ગામમાં ચોટિલા પ્રાન્ત અધિકારી અને મામલતદારની સંયુક્ત ટુકડીએ દરોડા પાડ્યા હતા. દરમિયાન સ્થળ પરથી એક જેસીબી મશીન , ડમ્પર, ટ્રેક્ટર સહિત એક કરોડ 25 લાખ રૂપિયાનો માલસામાન કબજે કરાયો હતો. સરકારી પડતર જમીનમાં ગેરકાયદે ખોદકામ બદલ ગુનો નોંધી કાર્યવાહી પણ કરાશે તેમ નાયબ કલેક્ટર એચ. ટી મકવાણાએ જણાવ્યું હતું.

## (BYTE: H. T. MAKWANA, Dy. COLLECTOR)

---

# JUNAGADH LION CENSUS

ગીર સહિત સૌરાષ્ટ્રના 11 જિલ્લામાં 16-મી એશિયાઈ સિંહની વસતિ ગણતરી ચાલી રહી છે. આ ગણતરીનો આજે ત્રીજો દિવસ છે. ગણતરી દરમિયાન સૌપ્રથમ વખત કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. ટૅક્નોલૉજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ઉપરાંત વન વિભાગ દ્વારા ડિજિટલ કૅમેરા , કૉલર આઈડી અને GPS પ્રણાલિથી સિંહની સુક્ષ્મ ગણતરી થાય તેવું પણ આયોજન કરાયું છે. આ ગણતરી આવતીકાલ સુધી ચાલશે.

---

# DWARKA BLACKOUT

દ્વારકાધીશ મંદિરને ગઈકાલે સાંજે 7 વાગ્યા બાદ ભક્તો માટે બંધ કરાયું હતું. દરમિયાન જિલ્લામાં દરિયાકિનારાના ગામડાઓ સહિતના વિસ્તારોમાં લોકો દ્વારા સ્વયંભૂ અંધારપટ કરાયો.

જિલ્લા કલેક્ટર રાજેશ તન્નાએ દ્વારકા , ઓખા અને બેટ દ્વારકાના મંદિર સહિતના વિસ્તારોની મુલાકાત લઈ અંધારપટ બદલ સ્થાનિકોના સહકારની પ્રશંસા કરી. તેમણે હજી થોડા દિવસ જીવનચર્યામાં ફેરફાર કરી વહીવટી તંત્રને સહકાર આપવા અપીલ પણ કરી હતી.

**બાઈટ : રાજેશ તન્ના , કલેક્ટર દ્વારકા**

---

# INTERNATIONAL NURSE DAY

દેશ સહિત વિશ્વભરમાં આજે ‘આપણાં નર્સ, આપણું ભવિષ્ય’ની વિષયવસ્તુ સાથે આંતર-રાષ્ટ્રીય નર્સ દિવસની ઉજવણી થઈ રહી છે. ઉજવણીનો મુખ્ય હેતુ નર્સિંગ વ્યવસાયમાં રહેલા નાગરિકોના સમર્પણ , સેવા અને મહેનતને બિરદાવાનો છે. સાંભળીએ એક અહેવાલ.

**(વૉઈસકાસ્ટઃ કરણ મકવાણા)**

આધુનિક નર્સિંગનાં પ્રણેતા ફ્લોરેન્સ નાઈટિન્ગેલના જન્મદિવસ નિમિત્તે દર વર્ષે આજના દિવસે આંતર-રાષ્ટ્રીય નર્સ દિવસ ઉજવવામાં આવે છે. ઇન્ટરનેશનલ કાઉન્સીલ ઑફ નર્સીઝ- I.C.N. વર્ષ 1965થી આ દિવસનું આયોજન કરતું આવ્યું છે. ફ્લોરેન્સ નાઈટિન્ગેલે વ્યવસાયિક નર્સિંગનો પાયો નાખ્યો હતો. તેઓ એક અગ્રણી બ્રિટિશ સમાજ સુધારક , આંકડાશાસ્ત્રી અને આધુનિક નર્સિંગનાં સ્થાપક હતાં. ત્યારે આજનો દિવસ યુવાનોને નર્સિંગ ક્ષેત્રમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરે છે. તેમજ દર વર્ષે નર્સિંગ અને આરોગ્ય વિષયના મુખ્ય મુદ્દાઓને સંબોધવા એક વિષયવસ્તુ પસંદ કરાય છે.

સમાચાર વિભાગથી કરણ મકવાણા આકાશવાણી, અમદાવાદ.

---

# WEATHER

રાજ્યમાં આજે અને આવતીકાલે કેટલાક જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ત્યારબાદ વાતાવરણ શુષ્ક રહી શકે છે. હવામાન ખાતાની યાદી મુજબ , આજે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા , મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર સહિતના જિલ્લાઓમાં, જ્યારે દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી સહિતના જિલ્લાઓમાં , સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર , રાજકોટ, પોરબંદર સહિતના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ અને ગાજવીજ સાથે વરસાદ વરસી શકે છે. દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાન ફરી 40 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે.

દરમિયાન ગઈકાલે રાજ્યમાં સવારે છ વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધીમાં 26 તાલુકામાં સામાન્યથી મધ્યમ વરસાદ નોંધાયો હતો. સત્તાવાર યાદી મુજબ , સૌથી વધુ ત્રણ ઈંચ જેટલો વરસાદ દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુર તાલુકામાં નોંધાયો હતો. જ્યારે જુનાગઢના માળિયા હાટીના અને જામનગરના જામજોધપુરમાં દોઢ ઈંચથી વધુ તો જુનાગઢના માણાવદર , અમરેલીના ધારી, સાબરકાંઠાના પોશીના અને જામનગરના લાલપુરમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો.

---

# AMDAVAD CIVIL

મેદસ્વિતા-મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત અમદાવાદ સિવિલ હૉસ્પિટલ દ્વારા નવિન પહેલ અંતર્ગત ડાયટિશિયન ઑપીડીનો પ્રારંભ કરાયો છે. સત્તાવાર યાદી મુજબ, હૉસ્પિટલમાં રૂમ નંબર G-025માં દરરોજ સવારે નવ વાગ્યાથી બપોરે એક વાગ્યા સુધી અને બપોરે બે-થી પાંચ વાગ્યા સુધી આ ઑપીડી કાર્યરત્ રહેશે. ઑપીડીમાં મેદસ્વિતા ઘટાડવાના હેતુ સાથે , બિન-ચેપી રોગ- NCD ધરાવતા દર્દીઓ, કુપોષિત બાળક તથા ગર્ભવતી અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓને નિષ્ણાત ડાયેટિશિયન એટલે કે આહારવિજ્ઞાની દ્વારા યોગ્ય આહારની માર્ગદર્શિકા , પોષણ કાઉન્સેલિંગ અને વ્યક્તિગત ડાએટ પ્લાન અપાશે. તેમજ દર્દીઓને BMI એટલે કે, બૉડી માસ ઇન્ડેક્સ ઘટાડવા સંદર્ભે પણ યોગ્ય માર્ગદર્શન અપાશે

---

# BUDDHA-PURNIMA

રાજ્ય સહિત દેશભરમાં આજે બુદ્ધ પૂર્ણિમાની આસ્થા સાથે ઉજવણી  કરવામાં આવી રહી છે. દર વર્ષે વૈશાખ મહિનાની પૂનમે બુદ્ધ પૂર્ણિમા     ઉજવાય છે.  આ દિવસે લુંબિનીમાં ગૌતમ બુ દ્ધનો જન્મ થયો હતો.  તેમને બોધગયામાં જ્ઞાનપ્રાપ્તિ થઈ હતી. સમગ્ર વિશ્વમાં હિંસા અને તણાવના આ યુગમાં ભગવાન બુદ્ધના વિચાર આજે પણ પ્રાસંગિક છે.  આ દિવસ આત્મચિંતન , અહિંસા અને કરૂણાની ભાવનાને જાગૃત કરવાનો અવસર છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બુદ્ધ પૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ નાગરિકો અને વિશ્વભરના ભગવાન બુદ્ધના અનુયાયીઓને શુભેચ્છાઓ પાઠવી.     એક સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે ,  કરુણાના મૂર્ત સ્વરૂપ ભગવાન બુદ્ધ દ્વારા અપાયેલા અહિંસા  , પ્રેમ અને દયાનો અમર સંદેશ માનવના કલ્યાણનો મૂળ મંત્ર છે. તેમણે કહ્યું કે બુદ્ધના ઉપદેશ લોકોને નૈતિકતા પર આધારિત જીવન જીવવા પ્રેરણા આપે છે. ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખ  ડે નાગરિકોને બુદ્ધ પૂર્ણિમાની શુભેચ્છા પાઠ     વતા તેમના સંદેશમાં, કહ્યું કે ભગવાન બુદ્ધનો અહિંસા , દયા અને મધ્યમ માર્ગનો સંદેશ આજના લોકો અને માનવતા બંને માટે  સુસંગત છે.

---

# PORBANDAR NUKSAN

પોરબંદર જિલ્લામાં ગત ત્રણ દિવસથી વરસાદ વરસી રહ્યો છે. ગઈકાલે પોરબંદર ઉપરાંત બરડા પંથકના ગામમાં અડધાથી દોઢ ઈંચ અને કુતિયાણામાં પણ વરસાદ નોંધાયો. વરસાદના કારણે ખેતરમાં પાણી ભરાઈ જતા ખેડૂતો ઉનાળું પાકને નુકસાન થવાની ભીતિ સેવી રહ્યા છે. આ અંગે એક ખેડૂત જીવાભાઈ ખૂંટીએ વધુ માહિતી આપી.

**(બાઈટઃ જીવાભાઈ ખૂંટી, ખેડૂત)**

---